તારીખ: 18 ડિસેમ્બર, 2013

# ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ શ્રી રાજનાથ સિંહની ફેસબુક પોસ્ટ

સંસદના બંને ગૃહોમાં લોકપાલ ખરડાને આસાનીથી બહાલી આપવામાં આવી તે એક નોંધપાત્ર સિધ્ધિ છે. તેના માટે સંસદના બધા સભ્યોને હું અભિનંદન પાઠવું છું.

શ્રી અણ્ણા હઝારેએ ચલાવેલી લડત બાદ આજે તેનો ઝડપી અંત આવ્યો છે તેનાથી હું ખુશ છું. ભારતની સંસદીય લોકશાહી માટે આ એક ઐતિહાસિક દિવસ છે.

સંસદના બંને ગૃહોના વિપક્ષી નેતા - શ્રીમતી સુષ્મા સ્વરાજ અને અરુણ જેટલી બંને નેતાઓનો ફાળો પણ અહીં ખાસ ઉલ્લેખનીય છે. લોકપાલ ખરડો સંસદમાં પસાર થવામાં તેઓએ હકારાત્મક અને સક્રિય ભૂમિકા ભજવી હતી.